


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 165
Dt.: 21-04-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa



### K-Pop અને ગેમિંગ ક્ષેત્રે નવા યુગની શરૂઆત

# PM મોદી અને દક્ષિણ કોરિયાના પ્રમુખ લીની વચ્ચે દ્વિપક્ષીય બેઠક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (૨૦ એપ્રિલ) નવી દિલ્હીમાં દક્ષિણ કોરિયાના પ્રમુખ લી જે મ્યુંગ સાથે દ્વિપક્ષીય બેઠક યોજીને ભારત-દક્ષિણ કોરિયા વચ્ચે અત્યાધુનિક ટૅક્નોલૉજીથી લઈને કે-પોપમાં નવા યુગની શરૂઆત કરી છે. આ ઉપરાંત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવાની પણ જાહેરાત કરવામાં આવી છે. બંને દેશના નેતાઓ વચ્ચે કરાર કરાયા છે. આ ઉપરાંત વેપાર, સંસ્કૃતિ અને ટૅક્નોલૉજી ક્ષેત્રે ભાગીદારી વધારવા પર પણ ભાર અપાયો છે. દ્વિપક્ષીય બેઠક બાદ વડાપ્રધાન મોદી અને દ. કોરિયાના પ્રમુખ મ્યુંગે સંબોધન પણ કર્યું હતું. આ બેઠક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'પ્રથમવાર ભારત યાત્રા પર આવેલા રાષ્ટ્રપ્રમુખ મ્યુંગનું સ્વાગત કરીને મને ઘણી ખુશી થઈ રહી છે. બંને દેશોના ડીએનએમાં લોકશાહીના મૂલ્યો, માર્કેટ ઈકોનોમી અને કાયદાના શાસન પ્રત્યે સન્માન છે. છેલ્લા એક દાયકામાં અમારા સંબંધો વધુ મજબૂત અને વ્યાપક બન્યા છે. આજે અમે બંને દેશોની વિશ્વાસપાત્ર ભાગીદારીને ભવિષ્યલક્ષી ભાગીદારીમાં તબદીલ કરી રહ્યા છે. અમે ચિપ્સથી લઈને શિપ્સ સુધી, ટેલેન્ટથી લઈને ટૅક્નોલૉજી સુધી અને એન્વાયરમેન્ટથી લઈને એનર્જી સુધી, દરેક ક્ષેત્રમાં સહયોગની નવી તકોને સાકાર કરીશું અને સાથે મળીને બંને દેશોની પ્રગતિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરીશું. વડાપ્રધાન મોદીએ બંને દેશો વચ્ચે થયેલી સમજૂતી અંગે માહિતી આપતાં કહ્યું કે, 'ભારત-દક્ષિણ કોરિયા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૨૭ બિલિયન ડૉલર સુધી પહોંચી ગયો છે, ત્યારે ૨૦૩૦ સુધીમાં આ વેપાર ૫૦ બિલિયન ડૉલર સુધી પહોંચાડવા માટે આજે અનેક નિર્ણયો કરવામાં આવ્યા છે. બંને દેશો વચ્ચે નાણાકીય પ્રવાહને સરળ બનાવવા માટે, અમે ભારત-કોરિયા ફાયનાન્શિયલ ફોરમની શરૂઆત કરી છે. વ્યાપારી સહયોગને વેગ આપવા માટે, અમે એક ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેશન કમિટીની રચના કરી છે. ક્રિટિકલ ટૅક્નોલૉજી અને સપ્લાય ચેઈન્સમાં સહયોગ વધારવા માટે, અમે ઈકોનોમિક સિક્યોરિટી ડાયલોગ શરૂ કરી રહ્યા છીએ.' વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, 'અમે ભારત-કોરિયા વેપાર કરારને અપગ્રેડ પણ કરીશું. AI, સેમિ કન્ડક્ટર અને ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજીમાં ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે અમે ઈન્ડિયા-કોરિયા ડિજિટલ બ્રિઝ લોન્ચ કરી રહ્યા છીએ. અમે શિપ બિલ્ડિંગ, સસ્ટેઈનેબિલિટી, સ્ટીલ અને પોર્ટ્સ જેવા સેક્ટરમાં પણ MOU કરી રહ્યા છીએ. આ ઉપરાંત કલ્ચર અને ક્રિએટિવ ઈન્ડસ્ટ્રીમાં પરસ્પર સહયોગ વધારીને ફિલ્મ, એનિમેશન અને ગેમિંગમાં પણ નવા યુગની શરૂઆત કરીશું. ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે હજારો વર્ષ જૂનો સાંસ્કૃતિક સંબંધ છે. ૨૦૦૦ વર્ષ પહેલા અયોધ્યાની રાજકુમારી સૂરીરત્ના અને કોરિયાના રાજા કિમ-સુરોની કહાની, અમારો પરસ્પરનો વારસો છે. આજે ભારતમાં કે-પૉપ, કે-ડ્રામા ખૂબ જ પોપ્યુલર થઈ રહ્યા છે. તેવી જ રીતે દક્ષિણ કોરિયામાં પણ ભારતીય સિનેમા અને સંસ્કૃતિકની ઓળખ વધી છે. મને ખુશી છે કે, રાષ્ટ્રપ્રમુખ મ્યુંગ પણ ભારતીય સિનેમાના પ્રશંસક છે. અમે બંને દેશોના કલ્ચર કનેક્ટરને વધુ મજબૂત કરવા માટે ૨૦૨૮માં ભારત-કોરિયા ફ્રેન્ડશિપ ફેસ્ટિવલનું આયોજન કરીશું. આ સાથે બંને દેશોના નાગરિકોનો સંપર્ક વધારવા માટે એજ્યુકેશન-રિસર્ચમાં ભાગીદારી વધારીશું અને પ્રવાસનને પણ પ્રોત્સાહન આપીશું.

**બંને દેશો ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપાર વધુ વધારશેઃ વડાપ્રધાન મોદી**



## અમેરિકાએ ઈરાની જહાજ પકડ્યું, તો ઈરાને કર્યો વળતો પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

એક બાજુ જ્યાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોની તૈયારીઓ ચાલે છે અને બધુ ઠીક થવાના સંકેત મળી રહ્યા હતા ત્યાં વળી પાછો ખતરો તોળાઈ રહ્યો છે. કારણ કે એવા સમાચાર મળી રહ્યા છે કે અમેરિકાએ ઈરાનનું જહાજ રોક્યું ત્યાં ઈરાને પણ હવે વળતો પ્રહાર કરી નાખ્યો. જેના કારણે સીઝફાયર પર સંકટ આવી ગયું છે. રિપોર્ટ્સ મુજબ ઈરાની દળોએ ઓમાન સાગરમાં અમેરિકી સેનાના જહાજો પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. જો કે ઈરાની અધિકારીઓએ આ ઘટનાક્રમની સત્તાવાર પુષ્ટિ કરી નથી. અત્રે જણાવવાનું કે પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં બીજા તબક્કાની વાતચીત માટે બંને દેશો જ્યાં તૈયારીઓ કરી રહ્યા છે ત્યાં દરિયામાં ઘમાસાણ મચ્યું છે. યુદ્ધવિરામ પૂરો થવાને પણ ગણતરીના કલાકો બાકી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ઓમાન સાગરમાં ઈરાન તરફથી અમેરિકી સેનાના કેટલાક જહાજો પર ડ્રોન એટેક થયો હોવાના સમાચાર છે. હજુ તો એક દિવસ પહેલા જ અમેરિકાએ ઈરાનનું જહાજ પકડ્યું હતું અને તેના ઈરાને હવે જવાબી કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે. અમેરિકી જહાજોને કેટલું નુકસાન થયું એ હજુ સ્પષ્ટ થયું નથી. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ટોલ લગાવ્યો તો અમેરિકાએ પણ ઈરાની બંદરોથી આવતા જહાજો પર નાકાબંધી કરીને હોર્મુઝમાં બ્લોકેડ કરી નાખ્યો. રવિવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાની જહાજ વિરુદ્ધ અમેરિકી નેવીએ કાર્યવાહી કરી અને કબજામાં લીધુ છે. તેમણે કહ્યું હતું કે, આજે એક ૯૦૦ ફૂટ લાંબા અને એક વિમાન વાહક જહાજ જેટલા ભારે તૂસકા નામના ઈરાની માલવાહક જહાજે અમારી નેવીની નાકાબંધી તોડવાની કોશિશ કરી જે તેમના માટે સારી રહી નહીં. તેમણે લખ્યું કે અમેરિકી સેનાના ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર યુએસએસ સ્પ્રુઆંસે ઓમાનની ખાડીમાં તૂસકાને રોક્યું અને તેને થોભી જવા માટે યોગ્ય ચેતવણી આપી. ઈરાની ક્રૂ સભ્યોએ સાંભળવાની ના પાડી અને આથી અમારી નેવીના જહાજે તેમના એન્જિન રૂમમાં કાણું પાડીને તેમને ત્યાં જ રોકી લીધા. તેમણે એમ પણ જણાવ્યું કે હાલ અમેરિકી મરીને જહાજને પોતાના કબજામાં લીધુ છે. ગેરકાયદેસર ગતિવિધિઓના પાછલા ઈતિહાસના કારણે તૂસકા પર અમેરિકી ટ્રેઝરીના પ્રતિબંધ લાગેલા છે. જહાજ સંપૂર્ણ રીતે અમારા કબજામાં છે અને અમે જોઈએ છીએ કે આગળ શું થાય છે. આ અગાઉ ટ્રમ્પે ઈરાન પર યુદ્ધવિરામ તોડવાના આરોપ લગાવ્યા હતા. તેમણે ભારતીય સમય મુજબ રવિવારે જણાવ્યું હતુ કે ઈરાને કાલે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફાયરિંગ કર્યું જે અમારા યુદ્ધવિરામની સમજૂતિનો ભંગ છે. તેમણે અનેક ગોળીઓ એક ફ્રેન્ચ જહાજ અને યુકેના એક માહવાહક જહાજ પર છોડી. જે સારું નહતું. મારા પ્રતિનિધિ ઈસ્લામાબાદ પાકિસ્તાન જઈ રહ્યા છે. તેમણે ઈરાનના તમામ પાવર પ્લાન્ટ્સ સહિત અનેક જગ્યાઓ પર હુમલાની ધમકી પણ આપી હતી. આ સાથે જ કહ્યું હતું કે ઈરાનની આ હત્યારી મશીનરીને ખતમ કરવાનો સમય આવી ગયો છે.

## જાપાનમાં ૭.૪ની તીવ્રતાનો ભૂકંપ, સુનામીનું એલર્ટ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોકિયો

જાપાનના ઉત્તર ભાગમાં સોમવારે (૨૦ એપ્રિલ,૨૦૨૬)ના રોજ ૭.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ બ્રોડકાસ્ટર NHKના જણાવ્યા અનુસાર ભૂકંપ બાદ દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી છે. અધિકારીઓએ અહેવાલ આપ્યો હતો કે ૩ મીટર ઊંચા મોજા ઈવાતે પ્રીફેક્ચર અને હોક્કાઈડોના કેટલાક ભાગો સુધી પહોંચી શકે છે. લોકોને તાત્કાલિક ઊંચી જમીન પર સ્થળાંતર કરવા વિનંતી કરવામાં આવી છે. સરકાર અને ઈમરજન્સી સેવાઓ સંપૂર્ણ રીતે એલર્ટ મોડ પર છે. સતત પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. અધિકારીઓ ભૂકંપ અને સુનામીથી કેટલું નુકસાન થઈ શકે છે તેનું મૂલ્યાંકન કરવાનો પણ પ્રયાસ કરી રહ્યા છે. ચેતવણીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સુનામીના મોજા દરિયાકાંઠે નજીક આવવા લાગ્યા છે અને ફક્ત એક જ વાર નહીં, ઘણી વખત અથડાઈ શકે છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે લોકોને તાત્કાલિક સ્થળાંતર કરવાની સલાહ આપવામાં આવે છે અધિકારીઓએ એમ પણ જણાવ્યું હતું કે મોજા અપેક્ષા કરતા વહેલા અથવા મોડા કાંઠે પહોંચી શકે છે અને અપેક્ષા કરતા વધારે હોઈ શકે છે. દરિયાકિનારા અને નદીઓની નજીક રહેતા લોકોને ખાસ કરીને દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે પાણીનું સ્તર અચાનક વધી શકે છે, જેનાથી વિસ્તારમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે ભૂકંપના કેન્દ્રથી સેંકડો કિલોમીટર દૂર ટોક્યોમાં ઊંચી ઈમારતો પણ ધ્રુજી ગઈ હતી. ઘણા વિસ્તારોમાં લોકોએ જોરદાર ભૂકંપનો અનુભવ કર્યો હતો. હજુ સુધી કોઈ મોટું નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી, પરંતુ પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

ઉપરાંત, ક્યોડોના જણાવ્યા અનુસાર, જાપાનમાં આવેલા શક્તિશાળી ભૂકંપને પગલે ટોક્યો-આઓમોરી બુલેટ ટ્રેન બંધ કરવામાં આવી હતી. જાપાન હવામાન એજન્સીએ ભૂકંપ બાદ સુનામીની ચેતવણી જાહેર કરી હતી. એજન્સીએ દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેવાસીઓને તાત્કાલિક ઊંચી જમીન પર સ્થળાંતર કરવાની સલાહ આપી હતી.

### છત્તીસગઢમાં પ્લેન ક્રેશ

## અચાનક પહાડી વિસ્તારમાં ઝાડ સાથે અથડાયું પ્રાઈવેટ એરક્રાફ્ટ

### વિમાન રતનપહલી જંગલમાં ઝાડ સાથે અથડાઈને નીચે પડ્યું ત્યારબાદ આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટા જોવા મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાયપુર

છત્તીસગઢના જશપુર જિલ્લામાં સોમવારે એક વિમાન દુર્ઘટના થઈ. આરા પહાડીઓમાં એક ખાનગી વિમાન ક્રેશ થઈ ગયું. ગ્રામીણોના જણાવ્યા અનુસાર, આ ચાર્ટર્ડ પ્લેન જશપુરના નારાયણપુર ક્ષેત્રના રતનપહલી જંગલમાં ઝાડ સાથે અથડાઈને દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. અકસ્માત બાદ પહાડી વિસ્તારમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટા ઉઠતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણકારી મળતા જ પોલીસ અને વહીવટીતંત્રની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને રાહત-બચાવ કાર્ય શરૂ કર્યું હતું. હાલમાં એ જાણી શકાયું નથી કે વિમાનમાં કેટલા લોકો સવાર હતા. વિમાન જમીનથી



અંદાજે ૩૦ ફૂટની ઊંચાઈ પર ઊડી રહ્યું હતું. SSP લાલ ઉમેદ સિંહ પણ ઘટનાસ્થળે પહોંચ્યા છે. જશપુર જિલ્લા વહીવટીતંત્રનું કહેવું છે કે, આ વિમાન દુર્ઘટનામાં જાનહાનિની સંખ્યાની સત્તાવાર પુષ્ટિ તપાસ બાદ જ કરવામાં આવશે. પહાડી વિસ્તાર હોવાને કારણે રાહત અને બચાવ કાર્યમાં મુશ્કેલી પડી રહી છે. જોકે, કલેક્ટરે મીડિયાને જણાવ્યું હતું કે, આ જંગલની આગ હોઈ શકે છે. ઓડિશા, ઝારખંડ કે રાજ્યમાંથી કોઈ એરક્રાફ્ટ ગુમ થયું હોવાના સમાચાર નથી. એક વીડિયો પણ સામે આવ્યો છે. ૯ સેકન્ડના આ વીડિયોમાં પહાડ પરથી ધુમાડાના ગોટા ઉઠતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો સામે આવ્યા બાદ જ એરક્રાફ્ટ ક્રેશના સમાચાર વાયરલ થઈ રહ્યા છે.

### નાસિક બાદ નાગપુરમાં TCS જેવો કેસ

## NGO સંચાલક કાઝી પર ધર્માંતરણ અને જાતીય શોષણના ગંભીર આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)નાગપુર

મહારાષ્ટ્રમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. નાસિક બાદ હવે નાગપુરમાંથી પણ એક હચમચાવી દેનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નાગપુરના મનકાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી એક NGOમાં કામ કરતી ૪ યુવતીઓએ સંચાલક વિરુદ્ધ ધાર્મિક દબાણ, જાતીય શોષણ અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવતા પોલીસ એક્શન મોડમાં આવી છે. NGOના વિરુદ્ધ અનેક યુવતીઓ સાથે જાતીય શોષણ, ધાર્મિક બળજબરી, બદનક્ષી અને સાયબર સ્ટોકિંગના આરોપસર FIR નોંધાયા બાદ શંકાના ઘેરામાં આવી ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, કેસ દાખલ થયા પછી તરત જ આરોપી રિયાઝ ફઝીલ કાઝીની ધરપકડ કરવામાં આવી હતી.

TCS નાસિક યુનિટમાં કથિત જાતીય અને ધાર્મિક ઉત્પીડન કેસ અને અમરાવતી જિલ્લાના પરતવાડામાં સેક્સ કૌભાંડ પછી, આ કેસ ગુપ્તચર એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજ્ય આતંકવાદ વિરોધી ટુકડી (ATS) એ NGO ની પૃષ્ઠભૂમિ, નાણાકીય પગલાં અને ગરીબ પરિવારોના બાળકોને શિક્ષણ આપવાના તેના કથિત મિશન ઉપરાંતના સંભવિત જોડાણોની સમાંતર તપાસ શરૂ કરી છે. આરોપી રિયાઝ કાઝી, જે ફિક ફાઉન્ડેશન અને યુનિવર્સલ મલ્ટીપરપઝ સોસાયટી નામની સંસ્થાઓ ચલાવે છે, તેના પર ગંભીર આક્ષેપો થયા છે. પીડિત યુવતીઓના જણાવ્યા અનુસાર, રિયાઝ લાંબા સમયથી તેમની પર પોતાની ધાર્મિક વિચારધારા લાદવાનો પ્રયાસ કરતો હતો. ફરિયાદમાં જણાવાયું છે કે, આરોપી યુવતીઓને ફરજિયાતપણે ધાર્મિક પ્રવૃત્તિઓ કરવા મજબૂર કરતો હતો. યુવતીઓને ઓફિસમાં નમાઝ પઢવા અને રોઝા રાખવા માટે દબાણ કરવામાં આવતું હતું. એકબીજાને મળતી વખતે અસલ્લા વાલિકુમ અને જતા વખતે ખુદા હાફિઝ કહીને અભિવાદન કરવા માટે ફરજ પાડવામાં આવતી હતી. જ્યારે યુવતીઓએ આ બાબતનો વિરોધ કર્યો, ત્યારે આરોપીએ તેમને નોકરીમાંથી કાઢી મૂકવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધાર્મિક દબાણની સાથે આરોપી પર યુવતીઓના જાતીય શોષણ અને માનસિક પ્રતાડનાના પણ આરોપ છે. પીડિતાઓએ જણાવ્યું કે, આરોપી તેમની અંગત જિંદગીમાં દખલ કરતો હતો અને નકલી સોશિયલ મીડિયા આઈડી બનાવીને તેમને હેરાન કરતો હતો. મનકાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ હરીશ કલસેકરના નેતૃત્વમાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી રિયાઝ કાઝીની ધરપકડ કરી લીધી છે. કોર્ટે આરોપીને ૨૩ એપ્રિલ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. પોલીસ દ્વારા આરોપીનો મોબાઈલ જપ્ત કરવામાં આવ્યો છે અને તેના આર્થિક વ્યવહારોની પણ તપાસ થઈ રહી છે. પોલીસને આશંકા છે કે, અન્ય યુવતીઓ પણ આ સંચાલકનો શિકાર બની હોઈ શકે છે, તેથી પોલીસે અન્ય પીડિતોને પણ આગળ આવવા અપીલ કરી છે.

## રાજસ્થાનની પચપદરા ઓઈલ રિફાઈનરીમાં આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

રાજસ્થાનના બાલોતરા જિલ્લામાં આવેલી ઓઈલ રિફાઈનરી પચપદરામાં આજે મોટી દુર્ઘટના સર્જાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે એટલે કે ૨૧ એપ્રિલે આ રિફાઈનરીનું ઉદ્ઘાટન કરવાના છે, તેના બરાબર એક દિવસ પહેલા જ રિફાઈનરીના એક યુનિટમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી છે.આગ એટલી વિકરાળ છે કે રિફાઈનરીના પ્લાન્ટમાંથી કાળા ધુમાડાના ઊંચા ગોટેગોટા આકાશમાં જોવા મળી રહ્યા હતા. આગ લાગતા જ રિફાઈનરી પરિસરમાં અફરાતફરી મચી ગઈ હતી. સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક અસરચક્ર ગતિમાન કરવામાં આવ્યું છે.ઘટનાની જાણ થતાં જ રિફાઈનરીના કર્મચારીઓએ ફાયર સેફ્ટી સિસ્ટમ એક્ટિવ કરી દીધી છે. ફાયર ફાઈટરોની અનેક ટીમો આગ પર કાબૂ મેળવવા માટે સતત પ્રયાસ કરી રહી છે. હાલમાં આ આગ કયા કારણોસર લાગી છે તેનું સત્તાવાર કારણ બહાર આવ્યું નથી. ઉદ્ઘાટન પહેલા જ બનેલી આ ઘટનાને પગલે સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે ૨૧ એપ્રિલના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ મેગા પ્રોજેક્ટનું લોકાર્પણ થવાનું છે.




# તંત્રી લેખ......

## મહિલા અનામત રાજકીય ગડબડમાં ફસાયું

સંસદમાં મહિલા અનામત સુધારા બિલની હાર છતાં, શાસક પક્ષ અને વિપક્ષના વિજય અને મહિલા તરફી ભાવનાના દાવાઓ ખૂબ આશ્ચર્યજનક નથી. વિધાનસભામાં ૩૩ ટકા મહિલા અનામત ક્યારે અને કેવી રીતે લાગુ કરવામાં આવશે તે તો સમય જ કહેશે, પરંતુ દેશનો આખો રાજકીય પરિદૃશ્ય અડધી વસ્તીની આસપાસ ફરશે. સંસદમાં બિલને હરાવ્યાની થોડી મિનિટો પછી ભાજપના મહિલા સાંસદો દ્વારા કરવામાં આવેલા પ્રદર્શન દ્વારા આપવામાં આવેલા સંકેતોની પુષ્ટિ બીજા દિવસે કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાની પ્રેસ કોન્ફરન્સ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રને સંબોધન દ્વારા કરવામાં આવી હતી.

"મહિલાઓ અપમાન સહન કરતી નથી" તેવી મોદીની ટિપ્પણી વિપક્ષને પાઠ ભણાવવા માટે એક રાજકીય આહવાન છે. વડા પ્રધાન કોંગ્રેસને "સુધારા વિરોધી" ગણાવતી વખતે ભૂતકાળના ઉદાહરણો આપવાનું પણ ભૂલ્યા નહીં. વિપક્ષના નેતા રાહુલ ગાંધીથી લઈને તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન સુધીના વિપક્ષી નેતાઓએ વળતો આરોપ લગાવ્યો કે મહિલા અનામત બિલ ૨૦૨૩ માં સર્વાનુમતે પસાર થઈ ગયું હતું, અને હવે, સીમાંકન બિલના બહાના હેઠળ, ભાજપ દેશનો રાજકીય નકશો બદલવાનો પ્રયાસ કરી રહી છે. સ્પષ્ટપણે, બંને પક્ષોએ કેટલાક વાજબી પ્રશ્નો ટાળ્યા છે અને પોતાના રાજકીય હિતોને અનુરૂપ દલીલો પસંદ કરી છે.

સરકારને લાગ્યું કે દેશની અડધી વસ્તીને હવે નીતિ-નિર્માણ પ્રક્રિયામાં ભાગીદારીથી વંચિત રાખી શકાય નહીં. તેથી, સંસદના બજેટ સત્રને મુલતવી રાખવાને બદલે, મહિલા અનામત સુધારા બિલ પસાર કરવા માટે ત્રણ દિવસની ખાસ બેઠક બોલાવવામાં આવી. ચૂંટણીઓમાં મહિલાઓની વધતી ભાગીદારી અને નિર્ણાયક ભૂમિકાએ રાજકીય શક્તિને અહેસાસ કરાવ્યો છે કે તેમને ઝડપથી કાયદાકીય અનામત આપીને સત્તા પ્રાપ્ત કરી શકાય છે.

જોકે, પુરુષ-પ્રભુત્વ ધરાવતી રાજકીય વ્યવસ્થા, જ્યારે દેખીતી રીતે મહિલાઓની વધેલી કાયદાકીય ભાગીદારી વિશે ચિંતિત છે, ત્યારે તેમને તેની બેઠકોનો હિસ્સો આપવા તૈયાર નથી. તેથી, સંસદમાં ૫૪૩ બેઠકો વધારીને ૮૫૦ કરીને ૩૩ ટકા મહિલા અનામતનો સુરક્ષિત માર્ગ મળ્યો.

દશકોથી સત્તામાં સફળ રહેલા વિપક્ષને ઝડપથી સમજાયું કે આ પગલાથી પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીમાં દ્રઢછને ફાયદો થઈ શકે છે. મહિલા અનામત પર સામાન્ય સર્વસંમતિ હોવા છતાં, તાજેતરની વસ્તી ગણતરીના આધારે સીમાંકનની જરૂરિયાતને દૂર કરવા અંગે શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેનો સંઘર્ષ ફક્ત રાજકારણમાં જ નહીં પરંતુ સત્તા સંતુલન અંગેની ચિંતાઓમાં પણ મૂળ ધરાવે છે. અત્યાર સુધી, સીમાંકનનો આધાર વસ્તી ગણતરી રહ્યો છે. તેથી, દક્ષિણ ભારતના રાજ્યોને લોકસભા બેઠકોની સંખ્યામાં અને પરિણામે, રાષ્ટ્રીય રાજકીય સંતુલનમાં ગુમાવવાનો ડર છે. નિઃશંકપણે, દક્ષિણ ભારતે આર્થિક વિકાસના મોરચે ઉત્તર ભારત કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે, જે વસ્તી નિયંત્રણ અને સાક્ષરતા દરમાં સુધારો દ્વારા સહાયિત છે. તેઓએ દેશના મહેસૂલમાં પણ પ્રમાણમાં વધુ યોગદાન આપ્યું છે. આ માટે તેમને રાજકીય રીતે સજા ન આપવી જોઈએ, પરંતુ ઉત્તર ભારતીય રાજ્યોને પણ આ મોરચે રાજકીય નેતૃત્વ અને શાસનની નિષ્ફળતા માટે સજા ન આપી શકાય. ઉત્તર ભારતમાં લોકસભા મતવિસ્તારની વસ્તી દક્ષિણ ભારત કરતા બમણી હોવી ગેરવાજબી છે. ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં, ફક્ત સમજદાર વિચારસરણી જ આવા જટિલ પડકારોનો સામનો કરી શકે છે અને ભવિષ્ય માટે સંતુલિત નીતિઓ ઘડી શકે છે. જો કે, આપણી રાજકીય વ્યવસ્થા સમસ્યાઓથી દૂર રહેવા માટે ટેવાયેલી છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૪૭૫નો ઉછાળો: સોનાના વાયદામાં રૂ.૭૬૩ અને ચાંદીમાં રૂ.૪૭૪૧ની નરમાઈ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૪૮૨.૫૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૨૨૭૫.૪૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૪૯૪૬.૫૬ કરોડનાં કામકાજ


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૯૪૭૫૮.૦૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૪૮૨.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૭૨૨૭૫.૪૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૧૭.૨૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૯૪૬.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૧૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૮૮૦ અને નીચામાં રૂ.૧૫૨૭૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૪૬૦૯ના આગલા બંધ સામે રૂ.૭૬૩ ઘટી રૂ.૧૫૩૮૪૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૫૩ ઘટી રૂ.૧૨૨૬૮૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૧ ઘટી રૂ.૧૫૩૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૫૮ ઘટી રૂ.૧૫૨૪૧૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૨૩૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૬૬૫ અને નીચામાં રૂ.૧૫૧૫૭૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૩૯૮ના આગલા બંધ સામે રૂ.૭૮૧ ઘટી રૂ.૧૫૨૬૧૭ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૫૩૪૫૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૪૦૮૯ અને નીચામાં રૂ.૨૫૦૭૩૦ના મથાળે અથડાઈ, રૂ.૨૫૭૧૪૨ના આગલા બંધ સામે રૂ.૪૭૪૧ ઘટી રૂ.૨૫૨૪૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૪૧૧૩ ઘટી રૂ.૨૫૪૪૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૪૧૫૦ ઘટી રૂ.૨૫૪૩૮૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૩૦૭.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૩.૬ ઘટી રૂ.૧૨૬૯.૩ થયો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૨.૩૫ વધી રૂ.૩૪૧.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૧.૯૫ વધી રૂ.૩૬૫.૪ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૨૫ પૈસા ઘટી રૂ.૧૯૪.૮૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૮૮૮.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૮૬ અને નીચામાં રૂ.૪૯૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૦ વધી રૂ.૪૯૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૦૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૩૮૮ અને નીચામાં રૂ.૮૦૭૭ના મથાળે અથડાઈ, રૂ.૭૭૬૭ના આગલા બંધ સામે રૂ.૪૭૫ વધી રૂ.૮૨૪૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૪૬૬ વધી રૂ.૮૨૩૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૫ વધી રૂ.૨૫૪.૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૪.૬ વધી રૂ.૨૫૪.૮ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૯૮૮.૩ના ભાવે ખૂલી, ૯૦ પૈસા ઘટી રૂ.૯૯૧ થયો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૧૦૩૦ ઘટી રૂ.૨૮૩૧૦ થયો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૯૭૫ના ભાવે ખૂલી, રૂ.૧૬ વધી રૂ.૩૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૭૨૮.૫૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૨૧૮.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૬૫૦.૧૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬૪.૪૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦.૮૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૩.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૯.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬૭૦.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૮૮.૧૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૫૦ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૦૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૭૩૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૦૫૮૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૯૯૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૩૨૬૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૮૦૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૭૩૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૪૧૮૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૭૧૭૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૦૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૯૮૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૯૬૨૧ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૯.૭ વધી રૂ.૨૩૫.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા વધી રૂ.૫.૨૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૨.૫ ઘટી રૂ.૭૬૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૩૫.૫ ઘટી રૂ.૨૬૮૦.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૯ ઘટી રૂ.૧.૪૨ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૬ ઘટી રૂ.૬.૯૯ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૮૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૭.૪ વધી રૂ.૬૬૩.૮ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૫.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૧ ઘટી રૂ.૪૨૧.૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૪૪.૫ ઘટી રૂ.૧૧૪૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦૬.૯ ઘટી રૂ.૧૮૫.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬૫ ઘટી રૂ.૩.૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯ વધી રૂ.૪૪૪ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૫૨.૫ વધી રૂ.૪૨૫૬.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૭ ઘટી રૂ.૧૧.૬ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૧૪ વધી રૂ.૧૦.૪ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૮૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪૫.૮૫ ઘટી રૂ.૭૨૪.૫૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ ઘટી રૂ.૩.૫૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮ વધી રૂ.૧૨૯૩ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૧૧.૫ ઘટી રૂ.૨૬૬.૫ થયો હતો.

# વોટર લિસ્ટમાંથી નામ નીકળી જવાના ડરથી બંગાળીઓમાં ગભરાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ને લઈને પરપ્રાંતમાં રહેતા બંગાળી મતદારોમાં ભારે ઉત્સાહ અને સાથે જ એક પ્રકારનો ડર પણ જોવા મળી રહ્યો છે. દિલ્હી, મુંબઈ, કેરળ, ચેન્નાઈ અને સુરત જેવા મોટા શહેરોમાંથી હજારોની સંખ્યામાં લોકો પોતાના વતન પરત ફરી રહ્યા છે. ખાસ કરીને માલદા અને મુર્શિદાબાદ જેવા મુસ્લિમ બહુમતી ધરાવતા જિલ્લાઓમાં જનારાઓની સંખ્યા ઘણી મોટી છે. રેલવે સ્ટેશનો પર મુસાફરોની ભારે ભીડને કારણે સ્થિતિ પરપ્રાંતિયોના પલાયન જેવી જોવા મળી રહી છે.

રેલવે દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે હોવા છતાં સ્ટેશનો ખચાખચ ભરેલા જોવા મળે છે. આ સ્થિતિ પાછળનું મુખ્ય કારણ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનનો ડર હોવાનું મનાય છે. સોશિયલ મીડિયા, વૉટ્સએપ અને વતનમાં રહેતા સગા-સંબંધીઓ દ્વારા ફેલાવવામાં આવેલા મેસેજમાં એવો દાવો કરાઈ રહ્યો છે કે જો આ વખતે મતદાન નહીં કરવામાં આવે તો મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવામાં આવશે. લોકોમાં એવો ડર છે કે જો નામ કમી જશે તો ભવિષ્યમાં રેશન કાર્ડ કે બેંક એકાઉન્ટ ખોલાવવામાં અને સરકારી દસ્તાવેજો બનાવવામાં મોટી મુશ્કેલી પડશે. મુંબઈ જેવા શહેરોમાં તો લોકો જનરલ ડબ્બામાં જગ્યા મેળવવા માટે બપોરથી જ લાઈનો લગાવી રહ્યા છે.

બીજી તરફ, સુરતના ઉધના રેલવે સ્ટેશન પર ૧૯ એપ્રિલે ભીડ એટલી વધી ગઈ હતી કે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો. રેલવેના જણાવ્યા અનુસાર, અફવાઓને કારણે અફરાતફરી ન સર્જાય તે માટે ૨૧,૦૦૦થી વધુ મુસાફરોને વિશેષ ટ્રેનો મારફતે રવાના કરવામાં આવ્યા છે. માત્ર ભારત જ નહીં, પરંતુ વિદેશોમાં વસેલા NRI પણ આ વખતે બંગાળના ભવિષ્ય માટે મતદાન કરવા પરત ફરી રહ્યા છે. બેલ્જિયમ, ઓસ્ટ્રેલિયા અને સિલિકોન વેલી જેવા વિસ્તારોમાંથી આવેલા મતદારોનું કહેવું છે કે તેઓ બંગાળના વિકાસ અને પરિવર્તન માટે પોતાનો મતાધિકાર વાપરવા આતુર છે.

### જમ્યા બાદ શરૂ થઈ ઉલટી-ઝાડાની ફરિયાદ

# વડોદરાની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ફૂડ પોઈઝનિંગ ઘટના બની

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં રવિવારે મોડી રાત્રે ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટના સામે આવતા શૈક્ષણિક આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. કુંઢેલા ગામમાં આવેલી યુનિવર્સિટીની હોસ્ટેલમાં રાત્રિનું ભોજન લીધા બાદ ૧૧ જેટલા વિદ્યાર્થીઓને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે યુનિવર્સિટી તંત્ર સહિત આરોગ્ય વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ હતી. કુંઢેલા ગામની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ રાત્રે મેસમાં ભોજન લીધું હતું. જમ્યાના થોડા સમય બાદ એક પછી એક વિદ્યાર્થીઓને ઉલટી અને ઝાડાની ફરિયાદ શરૂ થઈ હતી. જોતજોતામાં ૧૧ વિદ્યાર્થીઓની હાલત બગડતા હોસ્ટેલ પ્રશાસન હરકતમાં આવ્યું હતું. તમામ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતા જ મોડી રાત્રે પોલીસ કાફલો અને આરોગ્ય વિભાગની ટીમ હોસ્પિટલ દોડી ગઈ હતી. આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક હોસ્ટેલની મેસમાં તપાસ હાથ ધરવામાં આવી છે અને રાત્રિના ભોજનના નમૂના લઈ લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલી આપ્યા છે.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર    ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ    - તારીખ મુજબ આવક માલ ભાવ -    સોમવાર, ૨૦/૦૪/૨૦૨૬

| અં.નં. | આઈટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૫૭૬ | ૪૪૦.૦૦ | ૫૬૧.૦૦ |
| ૨ | એરંડા | ૯૧૩ | ૧,૧૬૬.૦૦ | ૧,૨૭૦.૦૦ |
| 3 | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૨૫.૦૦ |
| ૪ | રાયડો | ૨૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૧૬૫.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૯૦.૦૦ |
| ૬ | મકાઈ | ૯૫૫ | ૩૨૯.૦૦ | ૩૯૦.૦૦ |
| ૭ | ચણા | ૨૫ | ૧,૦૧૨.૦૦ | ૧,૦૩૯.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૮૦ | ૧,૪૦૦.૦૦ | ૧,૫૫૨.૦૦ |
| ૯ | તમાકુ | ૨૪૮૦ | ૧,૧૫૦.૦૦ | ૨,૧૦૦.૦૦ |
| ૧૦ | તમાકુ (ગારીયુ) | ૧૮૮૪ | ૯૦૦.૦૦ | ૧,૨૩૦.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૨૦ | ૯૫૦.૦૦ | ૧,૦૨૪.૦૦ |

મુનિભાઈ સોફ્ટવેર


### વિલ બાબતે જાણતા હોવા છતાં તેમણે મોડો દાવો દાખલ કર્યો

# વડોદરામાં ૭૪ વર્ષની વૃદ્ધાએ પતિના વિલને પડકાર્યું

**પતિના મૃત્યુ બાદ વૃદ્ધાએ વિલને પડકાર્યું હતું અને તેમનો આક્ષેપ હતો કે,પતિના મૃત્યુ બાદ જ મને વિલની જાણ થઈ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના પોશ વિસ્તારમાં રહેતી ૭૪ વર્ષીય વૃદ્ધાએ તેના દિવંગત પતિએ વર્ષ ૨૦૦૮માં જે વિલ (વસિયતનામું) રજિસ્ટર્ડ કરાવ્યું હતું તેને પડકારતો દાવો ટ્રાયલ કોર્ટમાં દાખલ કર્યો હતો. ટ્રાયલ કોર્ટે મહિલાના દાવાને રદ કરતા તેની સામે વૃદ્ધાએ સેશન્સ કોર્ટમાં ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો, જો કે, સેશન્સ કોર્ટે પણ ટ્રાયલ કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવી અપીલ નામંજૂર કરી હતી. ન્યાયાધીશે ચુકાદામાં નોંધ્યું હતું કે, મહિલા વિલ બાબતે જાણતા હોવા છતાં તેમણે મોડો દાવો દાખલ કર્યો હતો. કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૦૫માં જયંતિભાઈ પરીખે અખબારમાં લગ્ન બાબતે જાહેરાત આપી હતી અને ત્યાર બાદ તેમણે સુરેખાબહેન સાથે બીજા લગ્ન કર્યા હતા.

લગ્ન સમયે જયંતિભાઈની ઉંમર આશરે ૬૦ વર્ષ અને સુરેખાબહેનની ઉંમર ૫૪ વર્ષ હતી. જોકે, લગ્નના ટૂંકા ગાળામાં જ બન્ને વચ્ચે વિવાદો શરૂ થતા બંને વચ્ચે ભરણપોષણ અને ઘરેલુ હિંસા અંગે હાઈકોર્ટ સુધી કાયદાકીય લડત ચાલતી હતી. આ દરમિયાન જયંતિભાઈએ વર્ષ ૨૦૦૮માં પોતાની તમામ સ્થાવર અને જંગમ મિલકતોનું વિલ બનાવી બીજી પત્નીને તેનાથી વંચિત રાખી હતી અને તમામ મિલકત પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર તેમજ પૌત્રીના નામે કરી આપી હતી. આ દરમિયાન વૃદ્ધાના પતિનું વર્ષ ૨૦૧૫માં મૃત્યુ થયું હતું.

પતિના મૃત્યુ બાદ વૃદ્ધાએ વિલને પડકાર્યું હતું અને તેમનો આક્ષેપ હતો કે,પતિના મૃત્યુ બાદ જ મને વિલની જાણ થઈ છે. પરંતુ સામા પક્ષે પુરાવા રજૂ કર્યા કે વર્ષ ૨૦૧૨માં જ્યારે હાઈકોર્ટમાં ભરણપોષણનો કેસ ચાલતો હતો, ત્યારે સુરેખાબહેને પોતે જ સોગંદનામા પર સ્વીકાર્યું હતું કે, તેને આ વિલ વિશે ખબર છે. આમ, જાણ હોવા છતાં ૩ વર્ષની સમયમર્યાદા બાદ દાવો દાખલ કરાયો હોવાથી સિનિયર સિવિલ જજે દાવો રદ કર્યો હતો. જેની સામે વૃદ્ધાએ સેશન્સ કોર્ટમાં અપીલ કરતા ન્યાયાધીશે પણ ટ્રાયલ કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવી ચુકાદામાં નોંધ્યું હતું કે, વાદીએ હકીકત છુપાવી છે અને કાયદા મુજબ દાવો સમયબહારનો છે.

ઉલ્લેખનીય છે કે, વૃદ્ધએ જે વિલ કર્યું હતું તેમાં દોઢ કરોડનો એક બંગલો, તેમજ સાત દુકાનો અને લાખોની કિંમતના શેર અને બેંક ડિપોઝીટનો સમાવેશ થતો હતો. દાવામાં વૃદ્ધાએ આ તમામ સંપતિ તેના સાવકા પુત્ર તેમજ પુત્રવધુ, પૌત્ર અને પૌત્રીને આપી હોય તે તમામને દાવામાં પક્ષકાર બનાવવામાં આવ્યાં હતા. વૃદ્ધાનો સાવકો પુત્ર અને પુત્રવધૂ બિઝનેસ કરી રહ્યાં છે અને તેમની ઉમર પણ ૫૫ વર્ષ કરતા વધુ છે.

**૨૦ વર્ષથી કાનૂની જંગી ચાલી રહ્યો છે**

- વર્ષ ૨૦૦૫માં બીજા લગ્ન માટે જાહેરાત આપી હતી અને લગ્ન કર્યા હતા
- વર્ષ ૨૦૦૭માં બંને વચ્ચે અણબનાવ થતાં કોર્ટ કેસની શરૂઆત થઈ
- વર્ષ ૨૦૦૮માં વૃદ્ધાના પતિએ રજિસ્ટર્ડ વિલ બનાવ્યું
- વર્ષ ૨૦૧૨માં મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો: વૃદ્ધાએ વિલની નકલ રજૂ કરી હતી.
- વર્ષ ૨૦૧૫માં પતિનું અવસાન થયા બાદ પત્નીએ વિલ રદ કરવા દાવો દાખલ કર્યો
- વર્ષ ૨૦૨૪ના એપ્રિલ માસમાં સેશન્સ કોર્ટે વૃદ્ધાની અપીલ નામંજૂર કરી.

ભરણ-પોષણનો મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતોદંપતી વચ્ચે જ્યારે લગ્નજીવન કડવું બન્યું ત્યારે મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. હાઈકોર્ટમાં વાદી સુરેખાબહેને ભરણપોષણ મેળવવા માટે એવી રજૂઆત કરી હતી કે પતિ પાસે કરોડોની મિલકત છે અને તેમણે વિલ પણ બનાવી લીધું છે. આ રજૂઆત જ આજે ૧૨ વર્ષ પછી તેને નડી ગઈ. ડિસ્ટ્રીક્ટ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, જે વિલની જાણ વૃદ્ધાને ૨૦૧૨માં હાઈકોર્ટ સમક્ષ હતી, તેને તમે ૨૦૧૫માં મને નવુ જાણવા મળ્યું છે તેમ જણાવી પડકારી શકો નહીં. કાયદામાં લિમિટેશન એક્ટ મુજબ જાણ થયાના ત્રણ વર્ષમાં જ પડકારી શકાય છે.'

રસપ્રદ વાત એ છે કે, વૃદ્ધાએ પોતાના દાવામાં કોર્ટ ફી બચાવવા માટે એવી રજૂઆત કરી હતી કે આ દાવો મિલકતની કિંમત પર નહીં પરંતુ માત્ર વિલ રદ કરવા માટેનો છે. જોકે, અદાલતે આ બાબતને પણ નકારી કાઢી હતી.

અદાલતે અવલોકન કર્યું કે, વાદી જે મિલકતમાં હિસ્સો માંગે છે તેની કિંમત કરોડોમાં છે, છતાં માત્ર ૨૦૦ રૂપિયાના સ્ટેમ્પ પર દાવો કરીને કાયદાકીય પ્રક્રિયાનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.

ચતુરાઈપૂર્વક ડ્રાફ્ટિંગ કરીને કેસ જીતવાનો પ્રયાસ અદાલતે ક્લેવર ડ્રાફ્ટિંગ ગણાવીને ફગાવી દીધો હતો.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

**ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો**

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

અનેક કચેરીઓમાં હજુ પરીપત્ર મળ્યો નથી તો ક્યાંક અમલવારી નથી થતી, ખેડુતોને કચેરીઓના ધરમધક્કા ચાલુ

# ૧૩૫ ડી ની નોંધ તાત્કાલીક પાડવાનો પરીપત્ર થયો પણ અમલવારીમાં કાચુ કામ: માલીકીના રેકોર્ડ ની ચકાસણી વગર નોંધ પાડી દેવાથી છેતરપીંડી વધવાનો ભય

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજ્ય સરકારના મહેસુલ વિભાગમાં વિવાદાસ્પદ ૧૩૫ ડી જોગવાઈ નાબુદ કરવાનો નિર્ણય હજુ પણ અધુરો છે. જેના કારણે દાયકાઓ જુના કાયદા અંગે મહેસુલ કર્મચારીઓમાં મુંઝવણ છે. પરીણામે પાકી એન્ટ્રીઓ (અંતિમ રેકોર્ડિંગ) માટેનો સમયગાળો ૩૦ દિવસથી ઘટાડીને માત્ર ૭ દિવસ કરવાની નવી જોગવાઈ અમલમાં મુકવામાં આવી નથી,



૧ એપ્રિલના રોજ જારી કરાયેલ એક જાહેરનામા મા સરકારે નિર્વિવાદ જમીન વ્યવહારોની મ્યુટેશન એન્ટ્રીઓ નોંધણી માટે ફરજીયાત ૩૦ દિવસની નોટીસ અવધી નાબુદ કરી હતી. આ સુધારાથી સ્વચ્છ વ્યવહારો માટે તે જ દિવસે તાત્કાલીક પાકી એન્ટ્રી કરવાની મંજુરી મળે છે. જેનો ઉદેશ વિલંબ ઘટાડવા, ભ્રષ્ટાચારને રોકવા અને મિલ્કત માલીકો અને ખેડુતો માટે પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. અન્ય મિલ્કતો માટે સમયગાળો ૩૦ દિવસથી ઘટાડીને ૭ દિવસ કરવામાં આવ્યો છે. જો કે રાહતની આશા જગાવતી જાહેરાત છતાં, ઘણી કચેરીઓમાં સ્પષ્ટ સંદેશા વ્યવહાર અને અમલીકરણનો અભાવ જમીન પર સુધારાને અસરકારક રીતે અટકાવી રહ્યો છે. ઘણા નાગરીકો માટે આ નો અર્થ એ થાય કે સરકારી કચેરીઓની વારંવાર મુલાકાત લેવી અને દસ્તાવેજોમાં સતત વિલંબ કરવો પરીણામે મહેસુલ કચેરીઓમાં પરીસ્થિતિ યથાવત છે. જેના કારણે નાગરીકોને તેમનુ કામ પૂર્ણ કરવા માટે વારંવાર મુલાકાત લેવાની ફરજ પડે છે. ઘણા લોકો હવે સ્પષ્ટતા અને તાત્કાલીક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. જો જોગવાઈ ખરેખર નાબુદ કરવામાં આવી છે તો સરકારે તેનો અમલ સુનિશ્ચિત કરવો જોઈએ, અમદાવાદ જિલ્લાની એક મહેસુલ કચેરીની મુલાકાતીએ જણાવ્યુ હતુ કે તેમણે તાજેતરમાં ૨ કરોડ રૂપીયાથી વધુની જમીન ખરીદી હતી અને હવે તેઓ અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છે. મારી ચિંતા અનેક ગણી વધી ગઈ છે અને જયાં સુધી મારા નામે એન્ટ્રી ન થાય ત્યાં સુધી રહેશે. હું એક અઠવાડીયામાં કામ પૂર્ણ થવાની અપેક્ષા સાથે આવ્યો હતો પરંતુ સ્ટાફે મને કહ્યુ કે તેમાં ૩૦ દિવસ લાગશે, રાજ્યભરના મહેસુલ કર્મચારીઓને ચુંટણી ફરજો સોંપવામાં આવી છે, જેના કારણે જમીન સંબંધીત કામ ઠપ થઈ ગયુ છે. મુલાકાતીઓને કહેવામાં આવી રહ્યુ છે કે અધિકારીઓ ચુંટણી ફરજ પર છે અને ૧ મે પછી જ કામ ફરી શરૂ થશે. કેસોનો ઢગલો થઈ રહ્યો છે અને બેકલોગ સાફ કરવામાં એક મહિનાથી વધુ સમય લાગવાની શક્યતા છે.

અધિકારીઓ આગ્રહ રાખે છે કે તેમના હાથ બંધાયેલા છે. તેઓ નિર્દેશ કરે છે કે તેમને ઘણી વાર એક સમયે પ્રવેશ માટે ૩૫ થી ૪૦ ફાઈલો મળે છે. જમીન માલીકીની પ્રક્રિયા ખુબ જ સંવેદનશીલ છે. બધી વિગતો તપાસ્યા વિના અમે પ્રવેશો કરી શકતા નથી, આપણે ખાત્રી કરવી પડશે કે કોઈ છેતરપીંડી ન થાય, ખાસ કરીને ખેતીની જમીનના કિસ્સામાં જયાં માલીકીના રેકોર્ડની સંપૂર્ણ તપાસ કરવી પડે છે. એક અઠવાડીયામાં આ પૂર્ણ કરવુ શકય નથી.

સમર સીઝન દરમિયાન મુસાફરોની સુવિધા માટે વડોદરા મંડલ પ્રતિબદ્ધ

# મંડળ રેલ પ્રબંધક શ્રી રાજૂ ભડકે દ્વારા વડોદરા સ્ટેશન પર ક્રાઉંડ મેનેજમેન્ટ વ્યવસ્થાની સમીક્ષા



પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજૂ ભડકે દ્વારા આજે વડોદરા સ્ટેશનની મુલાકાત લેવામાં આવી અને સમર સીઝન દરમિયાન મુસાફરો માટે ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલી સુવિધાઓ તેમજ ક્રાઉડ મેનેજમેન્ટ વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરાયેલ પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, મંડળ રેલ પ્રબંધક શ્રી રાજૂ ભડકે આ દરમિયાન મુસાફરોને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે તમામ અધિકારીઓ અને સ્ટેશન સ્ટાફને મુસાફરોની સુવિધા માટે સ્ટેશન પર તમામ વ્યવસ્થાઓ સુચારુ રાખવાના નિર્દેશ આપ્યા. મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને વડોદરા મંડળ દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ માટે વડોદરા સ્ટેશન પર ૩૫૦ ચોરસ મીટર વિસ્તારનું એક હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યું છે, જ્યાં મુસાફરો ટ્રેન આવતાં પહેલાં આરામ કરી શકે છે. હોલ્ડિંગ એરિયામાં બેઠકની વ્યવસ્થા, શુદ્ધ પીવાના પાણીની સુવિધા અને પૂરતી લાઈટિંગ જેવી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મુસાફરોની મદદ માટે રાઉન્ડ-દ-ક્લોક ટિકિટ ચેકિંગ અને રેલ સુરક્ષા બળના વધારાના સ્ટાફની તૈનાતી કરવામાં આવી છે, જેથી મુસાફરોને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

મુસાફરોને ટિકિટ લેવા દરમિયાન કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે વડોદરા સ્ટેશન પર વધારાના બુકિંગ કાઉન્ટર ખોલવામાં આવ્યા છે. મુસાફરો માટે ટિકિટિંગ પ્રક્રિયાને સરળ બનાવતા ટિકિટ ચેકર દ્વારા મોબાઈલ ટિકિટિંગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્ટેશન પર મુસાફરોની સંખ્યાની સતત મોનિટરિંગ કરવામાં આવી રહી છે અને સીસીટીવી કેમેરા દ્વારા મુસાફરોની સુરક્ષાનો પણ ધ્યાન રાખવામાં આવી રહ્યો છે. રેલવે સુરક્ષા બળ (RPF)ના જવાનો અસરકારક સંકલન જાળવવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ડ્યૂટી દરમિયાન નિરંતર ડિજિટલ સંચાર માટે વૉકી-ટૉકીનો ઉપયોગ કરી રહ્યા છે. પશ્ચિમ રેલવે વડોદરા મંડળની તમામ મુસાફરોને અપીલ છે કે ટિકિટ ખરીદી કરીને જ મુસાફરી કરો અને સ્ટેશન પર ઉપલબ્ધ રેલવે કર્મચારીઓના માર્ગદર્શનનું પાલન કરો. પશ્ચિમ રેલવે મુસાફરોની યાત્રાને સુવિધાજનક અને આરામદાયક બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# હિન્દુત્વની વાતો કરતી ભાજપ ચુંટણીઓ ટાંણે લઘુમતિઓના ઘુંટણે: માત્ર જીતનુ ગણિત

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટી ની રાજનીતીને લઈને ઘણી વખત બે મોઢાની વાત કરવાનો આરોપ લાગતો રહ્યો છે. ખાસ કરીને શહેર અને ગામડાઓમાં પક્ષની નીતિઓ અને વલણમાં દેખાતો ફરક હવે વધુ સ્પષ્ટ રીતે ચર્ચામાં આવ્યો છે. એક તરફ ભાજપ હિન્દુત્વની વોટ બેંક અંકે કરવા માટે મુસ્લીમ વિરોધી ઠેર ઠેર ભાષણ કરી રહી છે. તો બીજી તરફ ચુંટણીઓ ટાંણે લઘુમતિઓના ઘુંટણીયે પડતી હોય છે. હિન્દુ મતદારોને આકર્ષવા માટે મુસ્લીમ સમાજ અંગે ડર ઉભો કરતો દેખાય છે, તો બીજી તરફ ગામડાઓ અને નાના શહેરોમાં તેજ ભાજપ પક્ષ મુસ્લીમ મતદારોને ટીકીટ આપી સત્તા મેળવવાનો પ્રયાસ કરે છે.



શહેરોમાં ભાજપ ઘણી વાર એવુ વાતાવરણ બનાવે છે કે જો વિરોધી પક્ષ જીતશે તો બેગમ બાદશાહનુ રાજ આવશે, એટલે કે મુસ્લીમ શાસન વધી જશે, આ પ્રકારની ભાષા દ્વારા હિન્દુ મતદારોને એકત્ર કરવાનો પ્રયાસ થાય છે. પરંતુ એ જ ભાજપ ગામડામાં અને તાલુકા સ્તરે મોટી સંખ્યામાં મુસ્લીમ ઉમેદવારોને ટીકીટ આપે છે. આ વિરોધાભાસ લોકોને પ્રશ્ન પુછવા મજબુર કરે છે કે આખરે પક્ષની સાચી નીતી શું છે ? રાજકીય રીતે જોવામાં આવે તો કોઈપણ પક્ષને ગમે તે ઉમેદવારને ટીકીટ આપવાનો અધિકાર છે. પરંતુ પ્રશ્ન ત્યારે ઉભો થાય છે, જયારે એક જ પક્ષ અલગ અલગ જગ્યાએ અલગ અલગ ચહેરો ધારણ કરે, વિધાનસભા કે લોકસભાની ચુંટણીમાં આ જ નીતી કેમ લાગુ પડતી નથી ? જો ગામડામાં મુસ્લીમ ઉમેદવારોને ટીકીટ આપવી યોગ્ય છે તો શહેરોમાં એ કેમ શકય નથી ? તાજેતરના એક ઉદાહરણમાં કોંગ્રેસે હિન્દુ બહુમતી ધરાવતા વિસ્તારમાં એક મુસ્લીમ મહિલાને ટીકીટ આપી, તેના પર ભાજપના એક ધારાસભ્યએ ભારે વિરોધ કર્યો અને આ ઉમેદવારીને અશાંતિ સાથે જોડવાનો પ્રયાસ કર્યો, પરંતુ સવાલ એ ઉભો થાય છે કે જયારે ભાજપ પોતે સેંકડો મુસ્લીમ ઉમેદવારોને ટીકીટ આપે છે ત્યારે એક ઉમેદવાર પર આટલો વિરોધ શા માટે ? આંકડાઓ પર નજર કરીએ તો ભાજપે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં લગભગ ૨૬૦ થી વધુ મુસ્લીમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. કેટલાક વિસ્તારોમાં તો આ સંખ્યા ૨૭૦ ની આસપાસ પહોચી જાય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં આ સંખ્યા વધુ છે. ઉદાહરણ તરીકે કચ્છ જિલ્લામાં સૌથી વધુ મુસ્લીમ ઉમેદવારોને ટીકીટ આપવામાં આવી છે. જયારે ભરૂચ જિલ્લામાં પણ મોટી સંખ્યામાં ટીકીટ આપવામાં આવી છે.

રાજકીય વિશ્લેષકોનુ માનવુ છે કે આ કોઈ આદર્શવાદી નિર્ણય નથી, પરંતુ રાજકીય મજબુરી છે. ઘણા ગામડા એવા છે જયાં મુસ્લીમ વસ્તી બહુમતીમાં છે, ત્યાં જીત મેળવવા માટે સ્થાનિક અને મજબુત ઉમેદવાર પસંદ કરવો જરૂરી બની જાય છે. આ સંજોગોમાં ભાજપ પાસે મુસ્લીમ ઉમેદવારને ટીકીટ આપવાથી સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. ભાજપના નેતાઓ આ દલીલને સ્વીકારતા નથી, તેઓ કહે છે કે પક્ષ સબ કા સાથ, સબ કા વિકાસ ના સુત્ર પર કામ કરે છે અને તમામ સમાજના વિકાસ માટે પ્રતિબધ્ધ છે. પરંતુ હકીકતમાં જોવામાં આવે તો શહેરી વિસ્તારોમાં સ્થિતિ અલગ જ છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરોમાં ઘણા એવા વોર્ડ છે જયાં મુસ્લીમ વસ્તી ૬૦ થી ૯૦ ટકા સુધી છે. છતાં પણ ભાજપે આવા વિસ્તારોમાં મુસ્લીમ ઉમેદવારોને ટીકીટ આપવાનુ ટાળ્યુ છે. આથી સ્પષ્ટતા થાય છે કે શહેરોમાં પક્ષ અલગ પ્રકારની રાજનીતી અપનાવે છે. જાણકારો કહે છે કે શહેરોમાં ભાજપનો મુખ્ય આધાર હિન્દુ મતદારો પર છે. જો મુસ્લીમ ઉમેદવારોને ટીકીટ આપવામાં આવે તો હિન્દુ મતદારોમાં અસંતોષ ફેલાઈ શકે છે. આ કારણે પક્ષ શહેરોમાં ખુબ સાવચેત રહે છે. ઉપરાંત જો શહેરોમાં મુસ્લીમ ઉમેદવારોને પ્રોત્સાહન મળે તો ભવિષ્યમાં તેઓ વિધાનસભા કે લોકસભાની ટીકીટ માટે દાવેદારી કરી શકે છે. જે ભાજપ માટે રાજકીય રીતે મુશ્કેલ બની શકે છે.

રિક્ષામાં સવાર મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી

# નિકોલમાં બેફામ BMW કારચાલકે સર્જ્યો અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના પૂર્વ વિસ્તારમાં ફરી એકવાર બેફામ ડ્રાઈવિંગને કારણે ભયાનક અકસ્માત સર્જાયો છે. નિકોલના ભક્તિનગર બસ સ્ટેન્ડ પાસે આજે એક લક્ઝુરિયસ BMW કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર રિક્ષા સાથે અથડાઈને સીધી બસ સ્ટેન્ડમાં ઘૂસી ગઈ હતી.

**કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર રિક્ષા સાથે અથડાઈને સીધી બસ સ્ટેન્ડમાં ઘૂસી ગઈ હતી**



મળતી માહિતી મુજબ, નિકોલના ભક્તિનગર બસ સ્ટેશન પાસે રસ્તા પર વાહનોની અવરજવર ચાલુ હતી, ત્યારે એક BMW કાર પૂરપાટ ઝડપે આવી રહી હતી. કારની ગતિ એટલી વધારે હતી કે ચાલકે અચાનક કાબૂ ગુમાવી દીધો હતો. બેફામ બનેલી આ કારે રસ્તા પરથી પસાર થતી એક રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે રિક્ષા ફંગોળાઈ ગઈ હતી અને કાર રસ્તાની બાજુમાં આવેલા બસ સ્ટેન્ડના લોખંડના સ્ટ્રક્ચરમાં ધડાકાભેર ઘૂસી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતનો અવાજ એટલો હતો કે આસપાસના લોકો દોડી આવ્યા હતા. કાર અથડાવાને કારણે બસ સ્ટેન્ડના પતરાં અને લોખંડના એન્ગલો વળી ગયા હતા. BMW કારના આગળના ભાગનો પણ કચ્ચરઘાણ નીકળી ગયો હતો. સદનસીબે ઘટના સમયે બસ સ્ટેન્ડમાં મુસાફરોની સંખ્યા ઓછી હતી, અન્યથા મોટી જાનહાનિ થઈ શકી હોત. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર મુસાફરો અને કાર ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી છે, જેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ નિકોલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. પોલીસે તપાસ હાથ ધરી છે કે અકસ્માત સમયે ચાલક નશાની હાલતમાં હતો કે ગાડીમાં કોઈ યાંત્રિક ખામી સર્જાઈ હતી. સ્થાનિક લોકોમાં પૂર્વ અમદાવાદના રહેણાંક વિસ્તારોમાં વધતા જતા સ્પીડિંગ અને સ્ટંટના કિસ્સાઓ સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

# કડી તાલુકાના ડરણ ગામમાં પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ભાજપ સરકાર પર કર્યા આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ડરણ ગામમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પ્રચાર અર્થે યોજાયેલી જનસભામાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ભ્રષ્ટાચાર થી લઈને બેરોજગારી અને ગૌરક્ષાના મુદ્દે સરકારની નીતિઓની આકરી ઝાટકણી કાઢી હતી.




બળદેવજી ઠાકોરે પોતાના સંબોધનમાં સીધો આક્ષેપ કર્યો હતો કે આજે ગુજરાતમાં કોઈપણ સરકારી કચેરીઓમાં જાઓ ત્યાં પૈસા વગર કોઈ કામ થતા નથી, તેમણે મોંઘવારી, શિક્ષણનુ ખાનગીકરણ અને સતત વધતી બેરોજગારી માટે ભાજપ સરકારને જવાબદાર ઠેરવી હતી. યુવાનોના ભવિષ્ય અંગે ચિંતા વ્યકત કરતા તેમણે કહ્યુ હતુ કે સરકાર કોન્ટ્રાકટ સિસ્ટમ લાવીને યુવાનોને કાયમી રોજગારથી વંચિત રાખી બેકારી તરફ ધકેલી રહી છે. નંદાસણમાં ભાજપના જ કેટલાક હોદ્દેદારો ગાયોને કતલખાને મોકલવાના કૃત્યમાં સામેલ છે. ગૌરક્ષાના નામે મત માંગતી ભાજપ ના નેતાઓનો અસલી ચહેરો જનતા સામે હોવાનો તેમણે દાવો કર્યો હતો. આ ઉપરાંત ખેડુતોની જમીન હડપવા માટે લેન્ડ ગ્રેબિંગ કાયદાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો હોવાનો પણ તેમણે ગંભીર આક્ષેપ કર્યો હતો.

રાજકીય કટાક્ષ કરતા બળદેવજીએ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે જે નેતાએ ભાજપ માટે આટલુ કામ કર્યુ તેમને જ અત્યારે પક્ષે હાંસીયામાં ધકેલી દીધા છે. આ સાથે તેમણે કોંગ્રેસના ઉમેદવારો રાજુભાઈ અને અલ્પાબેનને જંગી બહુમતીથી જીતાડવા માટે ગ્રામજનોને અપીલ કરી હતી. બળદેવજી ઠાકોરના આ આક્રમક તેવર થી કડી પંથકના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. ખાસ કરીને ભ્રષ્ટાચાર અને ગાયોના મુદ્દે કરાયેલા આક્ષેપો બાદ હવે ભાજપ તરફથી શું વળતો પ્રહાર કરવામાં આવે છે તેના પર સૌની નજર ટકેલી છે.

બે દિવસ ગબ્બર પર દર્શન રહેશે બંધ

# ૨૨ અને ૨૩ એપ્રિલે અંબાજી ગબ્બરના દર્શન રહેશે બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)અંબાજી

યાત્રાધામ અંબાજીમાં લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૨૨ એપ્રિલ (બુધવાર) અને ૨૩ એપ્રિલ (ગુરુવાર), ૨૦૨૬ ના રોજ ગબ્બર પર્વત પર દર્શન અને રોપ-વે સેવા સંપૂર્ણપણે બંધ રહેશે. ઉનાળાની આકરી ગરમીમાં ગબ્બર પર્વતના પથ્થરો અને રોપ-વે ટાવર આસપાસ બનેલા મોટા મધપૂડાઓમાંથી મધમાખીઓ ઉડવાની અને યાત્રાળુઓ પર હુમલો કરવાની ભીતિ રહે છે. ભૂતકાળમાં પણ ગરમીના કારણે મધમાખીઓ ઉડવાના બનાવો બન્યા છે. આથી, દર્શનાર્થીઓના જીવને કોઈ જોખમ ન રહે તે હેતુથી આ બે દિવસ દરમિયાન વિશેષ ટીમ દ્વારા ગબ્બર પરથી મધપૂડા ઉતારવાની અને મધમાખીઓને દૂર કરવાની કામગીરી સઘન રીતે હાથ ધરવામાં આવશે. મધપૂડા હટાવવાની આ કામગીરી દરમિયાન યાત્રિકોને કોઈ નુકસાન ન પહોંચે તે માટે ગબ્બર પર્વત તરફ જતો માર્ગ સજ્જડ બંધ રાખવામાં આવશે. જોકે, શ્રદ્ધાળુઓ માટે રાહતના સમાચાર એ છે કે અંબાજીના મુખ્ય શિખરબંધ મંદિરમાં દર્શન રાબેતા મુજબ ચાલુ જ રહેશે, માત્ર ગબ્બર પર્વત પર જ આ પ્રતિબંધ લાગુ પડશે. વહીવટી તંત્ર દ્વારા દર્શનાર્થીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ બે દિવસોમાં ગબ્બર દર્શનનું આયોજન ટાળીને વ્યવસ્થામાં સહકાર આપે.

લગ્ન પ્રસંગથી પરત ફરતા કાળ આંબી ગયો

# લગ્નમાંથી પરત ફરતા પરિવારને કારે કચડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના અંબિકા તાલુકાના ભોરીયા ગામની સીમમાં રવિવારે (૧૯મી એપ્રિલ) કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પતિ-પત્ની અને માતાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે એક મહિલા હવામાં ૧૫ ફૂટ ઉછળીને ઈંટના ભઠ્ઠા પર જઈ પટકાઈ હતી.

મળતી માહિતી અનુસાર, અંબિકાના સાંબા ગામના મેડિયા ફળિયામાં રહેતા ૩૧ વર્ષીય આશિષ પટેલ, તેમના ૨૯ વર્ષીય પત્ની પારુલબેન, સાત વર્ષનો પુત્ર વેદ અને ૬૦ વર્ષીય માતા ઉષાબેન ડોલવણ તાલુકાના પાટી ગામે એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. લગ્ન પતાવીને આખો પરિવાર એક જ બાઈક પર સવાર થઈ પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો. વલવાડા-ભોરીયા રોડ પર ઈંટના ભઠ્ઠા પાસે સામેથી આવતી એક પૂરપાટ ઝડપે દોડતી કારે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતની તીવ્રતા એટલી વધારે હતી કે, આશિષભાઈ પટેલ, પારુલબેન અને ઉષાબેનનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. જ્યારે વેદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો, જેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત બાદ એક મહિલા મૃતદેહ હવામાં ૧૫ ફૂટ ઉછળીને બાજુના ભઠ્ઠા પર પટકાતા ઉપસ્થિત લોકો સ્તબ્ધ થઈ ગયા હતા.

અકસ્માત બાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રોષે ભરાયેલા ટોળાએ અકસ્માત સર્જનાર કારચાલકને પકડી પાડી તેને ઢોર માર માર્યો હતો, જેમાં તે લોહીલુહાણ થયો હતો. પોલીસ ઘટનાસ્થળે હોવા છતાં લોકોનો આક્રોશ એટલો હતો કે તેમણે કલાકો સુધી કારને રસ્તા પરથી હટાવવા દીધી ન હતી અને ભારે હોબાળો મચાવ્યો હતો. એક જ પરિવારના ત્રણ સભ્યોના અકાળે અવસાનના સમાચાર મળતા જ સાંબા ગામમાં માતમ છવાઈ ગયો છે.

હસતા-રમતા લગ્ન પ્રસંગમાં ગયેલા પરિવારના ત્રણ સભ્યોની મૃતદેહ ઘરે પરત આવતા સમગ્ર પંથકમાં ગમગીની વ્યાપી ગઈ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી કારચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમરેલીમાં ધંધુકા વાળી થતા રહી ગઈ

# બિનાકા ચોકમાં બાઈક ધીમું ચલાવવાનું કહેતા યુવક પર છરીથી હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી શહેરના બિનાકા ચોક વિસ્તારમાં અસામાજિક તત્ત્વોનો આતંક જોવા મળ્યો છે. માત્ર બાઈક ધીમું ચલાવવાની ટકોર કરવા જેવી નજીવી બાબતે ત્રણ શખસોએ એક યુવક પર છરી વડે હિંસક હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં લુખ્ખા તત્ત્વોનો ભયાનક આતંક સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

અમરેલીના બિનાકા ચોકમાં આવેલી એક પાનના ગલ્લા પાસે સિરાજ કુરેશી નામનો યુવક ઊભો હતો. આ દરમિયાન ત્યાંથી બાઈક લઈને પસાર થઈ રહેલા શખસોએ દુકાન પાસે બાઈક ભટકાવતા સિરાજે તેમને બાઈક ધીમું ચલાવવા માટે કહ્યું હતું. આ સાંભળતા જ ઉશ્કેરાયેલા ત્રણ શખસોએ સિરાજ પર તૂટી પડ્યા હતા અને જાહેરમાં છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં સિરાજ કુરેશીને જમણા પગના ભાગે છરીના ગંભીર ઘા વાગ્યા હતા. હુમલો કરનાર ત્રણેય શખસો સગા ભાઈઓ હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે દાદલી રફીક સૈયદ સહિત તેના અન્ય બે ભાઈઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ હિચકારા હુમલાના લાઈવ સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે આ શખસો છરી જેવા તીક્ષ્ણ હથિયારો સાથે યુવકને નિશાન બનાવી રહ્યા છે. હુમલા બાદ ઈજાગ્રસ્ત સિરાજને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. અમરેલીમાં જાહેરમાં થયેલા આ હુમલાને પગલે સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ત્રણેય ફરાર લુખ્ખા તત્ત્વોની શોધખોળ શરૂ કરી છે.

# પરપ્રાંતિય શ્રમિક યુવાનનું બાથરૂમમાં બેભાન થતાં મૃત્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘપર ગામમાં રહેતા એક પરપ્રાંતિય શ્રમિક યુવાનનું અચાનક મોત થતાં ચકચાર મચી છે. મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનમાં આકસ્મિક મૃત્યુ અંગેની બી.એન.એસ.એસ. કલમ ૧૯૪ મુજબ નોંધ કરવામાં આવી છે. તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧.૦૦ વાગ્યા દરમિયાન મેઘપર ગામે કેનેરા બેંક નજીક ભાડાના રૂમમાં રહેતા ગુલશનસિંહ સવિંદરસિંઘ (ઉંમર ૩૧), મૂળ અમૃતસર (પંજાબ)ના રહેવાસી અને હાલ મજૂરી કામ કરતા હતા, તેઓ પોતાના રૂમમાં બાથરૂમમાં ન્હાવા માટે ગયા હતા. આ દરમિયાન તેઓ બાથરૂમમાં અચાનક બેભાન થઈ ગયા હતા. પ્રાથમિક રીતે હાર્ટ એટેક આવ્યાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# રાજસ્થાનના ૫૫ વર્ષીય પૂર્વ સૈનિક પાસે ૧૩૮ ડિગ્રી છેઃ તેમણે IGNOUમાંથી શરૂ કરી કમાણી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભણતર કે કલાને ઉંમર ના કોઈ સીમાડા નડતા નથી કે બંધનો નડતાં નથી. એનો દાખલો રાજસ્થાનના પૂર્વ સૈનિકે સાબિત કરી બતાવ્યો છે. એટલું જ નહીં અન્ય આળસુ લોકો માટે પ્રેરણારૂપ પણ બન્યા છે.

આ વાત છે રાજસ્થાનના એક ભૂતપૂર્વ સૈનિકે ૧૩૮ ડિગ્રી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો મેળવ્યા છે. એની જે મોટાભાગના વ્યક્તિઓ ધ્વારા રાખવામા આવતી એકથી પાંચ લાયકાતની સામાન્ય સંખ્યા કરતાં ઘણી વધારે છે. ઝુનઝુન જિલ્લાના રહેવાસી દશરથસિંહને તાજેતરમાં જ ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઓપન યુનિવર્સિટી (IGNOU) ના દીક્ષાંત સમારોહમાં વૈદિક અભ્યાસમાં માસ્ટર ડિગ્રી ડિસ્ટિંકશન સાથે પૂર્ણ કર્યા બાદ તેમની નવીનતમ લાયકાત એનાયત કરવામાં આવી હતી.

૫૫ વર્ષીય આ વ્યક્તિએ ૧૧ વિશ્વ રેકોર્ડ બનાવ્યા હોવાનો દાવો કર્યો છે. જેમાં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ, ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ, એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ્સમાંથી માન્યતાઓનો સમાવેશ થાય છે. આ બધા શિક્ષણક્ષેત્રે છે. જોકે PTI ને રેકોર્ડ્સના ફોટા મળ્યા છે. પરંતુ દાવાની સ્વતંત્ર રીતે ચકાસણી થઈ શકી નથી. “મારા પરિવારમાં કોઈ શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ન હોવા છતાં મે એક નાના ગામડાની શાળામાં મારો અભ્યાસ શરૂ કર્યો. સરકારી શાળામાંથી ધોરણ ૧૦ પૂર્ણ કર્યા પછી આર્થિક મુશ્કેલીઓને કારણે કોલેજ શિક્ષણ મેળવવું એ એક દૂરનું સ્વપ્ન જેવુ લાગતું હતું.“ દશરથસિંહ કહે છે. જિલ્લાના નવલગઢ તાલુકાના ખીરોડ ગામમાં જન્મેલા જે તેના યુવાનોને સશસ્ત્ર દળોમાં મોકલવા માટે જાણીતું છે.

તેઓ ૧૯૮૮માં ભારતીય સેનામાં જોડાયા. ૨૦૦૪માં દળમાંથી નિવૃત્ત થતાં પહેલા તેમણે પંજાબ, જમ્મુ અને કાશ્મીર તેમજ અન્ય સ્થળોએ ૧૬ વર્ષ સુધી નોનકમિશન્ડ ઓફિસર તરીકે સેવા આપી હતી. દશરથસિંહ, જે ખેડૂત પરિવારમાંથી આવે છે, એ કહે છે કે તેમને હંમેશા સેવા દરમ્યાન તેમનું શિક્ષણ “અધૂરું” લાગતું હતું. આ લાગણી તેમને સેવા દરમ્યાન પણ અભ્યાસ ચાલુ રાખવા માટે પ્રેરિત કરતી હતી. તેથી જયારે પણ તેમની વાર્ષિક બે મહિનાની રજા આવતી,ત્યારે તેઓ અભ્યાસ માટે વિરામનો ઉપયોગ કરતાં અને નિવૃત્તિ પછી તેઓ જોશથી તેમના જુસ્સાને આગળ ધપાવતા.

“મે પહેલા કોમર્સમાં બેચરલ ડિગ્રી મેળવી, ત્યારબાદ નિયમિત વિદ્યાર્થી તરીકે **LLB, LLM, BJMC** અને **B.ED** કર્યું. જયારે **IGNOU,** જૈન વિશ્વ ભારતી સંસ્થા અને ખાનગી યુનિવર્સિટીઓમાંથી અન્ય લાયકાતોનો અભ્યાસ કર્યો.” દશરથસિંહ જણાવે છે. અત્યાર સુધીમાં તેમણે ત્રણ પીએચડી, સાત અંડરગ્રેજ્યુએટ ડિગ્રી, ૪૬ અનુસ્નાતક ડિગ્રી, ૨૩ ડિપ્લોમા, લશ્કરી અભ્યાસ સંબંધિત સાત ડિગ્રી અને વિવિધ શાખાઓમાંથી ૫૨ પ્રમાણપત્રો મેળવ્યા છે.

પરંતુ નિવૃત્તિ પછીની સફર ફકત ડિગ્રીઓ એકઠી કરવા વિશે જ ન હોતી. નિવૃત્તિ પછી મને સૈનિકોના કલ્યાણમાં યોગદાન આપવાની જરૂરિયાત અનુભવાઈ. મે કાયદાની ડિગ્રી મેળવી અને પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું. દશરથસિંહ સમજાવે છે, જેમણે નિવૃત્તિ પછી આર્મીના સત્પ શક્તિ કમાન્ડમાં કાનૂની સલાહકારનું પદ સંભાળ્યું અને સેવા આપતા અને નિવૃત્ત કર્મચારીઓને લગતા કેસોનું સંચાલન કર્યું.

આ છે માનવીના અડગ મનની વાત. કાળા માથાનો માનવી ધારે તો શું ના કરી શકે?

# શું દેશમાં SIRનો થઈ રહ્યો છે વિરોધ?

**દેશના બુધ્ધિજીવી બૌધ્ધિકો, વકીલો, સામાજિક કાર્યકરોના એક જૂથે SIR તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજકાલ દેશના વિવિધ ભાગોમાં નગર નિગમથી લઈને ધારાસભાની ચૂંટણીઓનો માહોલ ચાલી રહ્યો છે અને એની વચ્ચે ચાલતી SIR (મતદાર યાદીઓની ખાસ સઘન સમીક્ષા) નો પણ વિરોધ કરાઈ રહ્યો છે. ત્યારે બૌધ્ધિકો, વકીલો, વિદ્યાર્થીઓ અને સામાજિક કાર્યકર્તાઓના એક જૂથે મતદાર યાદીઓની ખાસ સઘન સમીક્ષા (SIR) તાત્કાલિક સમાપ્ત કરવાની માંગ કરી છે. જે તેમણે "નાગરિકોના અધિકારોની વિરુધ્ધ" ગણાવી છે. અને જૂની મતદાર યાદીઓ ચાલુ રાખવા અને તેના આધારે ચૂંટણીઓ યોજવાની હાકલ કરી છે.

આયોજક ધ્વારા જારી કરાયેલી પ્રેસ રીલીઝ અનુસાર શનિવારે અહી પ્રેસ કલબ ઓફ ઈન્ડિયા ખાતે માનવ અધિકાર સંગઠન "જન હસ્તક્ષેપ" ધ્વારા આયોજિત એક સેમિનારમાં આ માંગ કરવામાં આવી હતી. સેમિનારમાં હાજરી આપનારાઓમાં પૂર્વ ચૂંટણી કમિશ્નર એસ.વાય.કુરેશી, વરિષ્ઠ વકીલ પ્રશાંત ભુષણ, દિલ્હી યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર બદ્રી રૈના, પ્રેસ કલબ ઓફ ઈન્ડિયાના પ્રમુખ સંગિતા બરુઆ પિશારોટી, વિગેરેનો સમાવેશ થાય છે. સેમિનારમાં સર્વાનુમતે એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

"પશ્ચિમ બંગાળ સહિત દેશભરમાં ચાલી રહેલી SIR પ્રક્રિયા તાત્કાલિક બંધ કરવી જોઈએ. વૈકલ્પિક રીતે જેમના નામ કાઢી નાંખવામાં આવ્યા છે તેમની અપીલનો તાત્કાલિક નિર્ણય લેવો જોઈએ. તેમને મતદાન કરવાની મંજૂરી આપવી જોઈએ. અથવા ૨૦૨૫ની અપડેટ કરેલી મતદાર યાદીનો ઉપયોગ બધા માટે મતદાન અધિકાર સુનિશ્ચિત કરવા માટે કરવો જોઈએ." ઠરાવમાં કહેવામા આવ્યું છે નહીંતર ચાલુ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઓ અર્થહિન બની જશે. SIR પ્રક્રિયા ને સ્પષ્ટ રીતે ફરીથી વ્યાખ્યાયિત કરવી જોઈએ. અને ચૂંટણી પંચની ભૂમિકા મતદાર યાદીમાં નામો સામેલ કરવાની છે. તે નાગરિકતાના દસ્તાવેજોની માંગણી અથવા ચકાસણી કરી શકતું નથી. નાગરિકતા નક્કી કરવી એ ગૃહ મંત્રાલયની જવાબદારી છે. તેમાં કહેવામા આવ્યું છે. સેમિનારના કન્વીનર JNU ના વિકાસ બાજપેઈ હતા અને સહ કન્વીનર પત્રકાર અનિલ દુબે હતા.

# સુરતમાં ચુંટણી અગાઉ આમ આદમી પાર્ટીનુ કૌભાંડ : હવાલા કૌભાંડ સામે આવ્યા બાદ હવે આમ આદમી પાર્ટી નેતાઓની મુશ્કેલીઓ વધશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ રાજકીય ગરમાવો વધારતો મોટો મુદ્દો કથિત હવાલા કૌભાંડનો પર્દાફાશ થયો છે. હવે આ મામલે આમ આદમી પાર્ટીના હવાલા કૌભાંડમાં ક્રાઈમ બ્રાન્ચે મોટો ખુલાસો કર્યો છે. હવે આમ આદમી પાર્ટીના સ્થાનિક નેતાઓની મુશ્કેલીઓ વધી શકે છે,




આ કેસમાં માત્ર સુરત ક્રાઈમ બ્રાન્ચ જ નહી, પરંતુ ઈન્કમટેક્ષ વિભાગ પણ સક્રિય બન્યુ છે. જેના કારણે તપાસનો વ્યાપ વધુ વિસ્તરવાનો અંદાજ છે. રાજકીય વર્તુળોમાં આ મામલે ભારે ચર્ચા ચાલી રહી છે. સુત્રો મુજબ સુરતના અનેક સ્થાનિક નેતાઓને ટુંક સમયમાં પુછપરછ માટે બોલાવવામાં આવી શકે છે. ખાસ કરીને આકાશ મિશ્રા અને અજય તિવારી સાથે સીધા સંપર્કમાં રહેલા નેતાઓ તપાસ એજન્સીઓના રડારમાં છે. તપાસ દરમિયાન આ કનેકશનના આધારે નાણાંના પ્રવાહ અને તેના ઉપયોગ અંગે વધુ માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તપાસમાં સુરત અને દિલ્હી વચ્ચે આંગડીયા નેટવર્ક મારફતે લાખો રૂપીયાનુ રાજકીય ફન્ડીંગ થયાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. આંગડીયા પધ્ધતિનો ઉપયોગ કરીને નાણાં ની હેરફેર કરવામાં આવી હોવાના આરોપોને કારણે તપાસ એજન્સીઓ વધુ સાવચેત બની છે અને દરેક કડી ને જોડવાનો પ્રયાસ કરી રહી છે. સુત્રો એ પણ સુચવે છે કે આ કેસમાં અનેક મોટા નામો બહાર આવી શકે છે, જેના કારણે રાજકીય માહોલમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. જો દાવાઓને પુરાવા મળે તો આ કૌભાંડનો વ્યાપ વધુ મોટો બની શકે છે અને તેની અસર આગામી રાજકીય સમીકરણો પર પણ પડી શકે છે. હાલ આ સમગ્ર મામલે આમ આદમી પાર્ટીના નેતાઓ જાહેરમાં કોઈ પ્રતિસાદ આપતા નથી અને મૌન ધારણ કર્યુ છે. તો બીજી તરફ તપાસ એજન્સીઓ પુરાવા એકત્રિત કરવામાં વ્યસ્ત છે અને આવનારા દિવસોમાં આ કેસમાં વધુ ખુલાસાઓ થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલે આરોપ છે કે દર મહિને લાખો રૂપીયાનુ કાળુ નાણું હવાલા નેટવર્ક દ્વારા સુરતમાં પહોંચાડવામાં આવતુ હતું અને તેનો ઉપયોગ ચુંટણી પ્રચાર માટે થતો હતો. હાલ તપાસ ચાલુ છે અને અધિકારીઓ અન્ય શહેરોમાં પણ આવા જ નાણાં પરીવહનના કનેકશન શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# સુરેન્દ્રનગર સીવીલમાં કલેકટર ને કોમન મેનનો કડવો અનુભવઃ કેસ કઢાવવા ગયા ને જવાબ મળ્યો બારી બંધ છે

પ્રતિનિધિ,ગાંધીનગર

અધિકારીઓને અવાર નવાર કહેવાય છે જમીની હકીકત, સામાન્ય માણસની જેમ જીવો, આ વખતે સુરેન્દ્રનગરના જિલ્લા કલેકટર ગુણવંત સોલંકી (જી એચ સોલંકી) એ આ વાતને અમલમાં મુકી દીધી, સરકારી કાર, સીકયુરીટી કે કોઈ ઔપચારીકતા વગર જ તેઓ સીધા સાદા ડ્રેસમાં સીવીલ હોસ્પીટલ પહોચી ગયા અને એક સામાન્ય દર્દીની જેમ કેસ બારી પર ઉભા રહી ગયા, ભાઈ કેસ કાઢી આપો, કલેકટરે સામાન્ય દર્દીની જેમ પુછયુ પણ જવાબ સામેથી મળ્યો, કેસ બારી બંધ થઈ ગઈ છે, હવે કેસ નહી નિકળે, ઓપીડી ટાઈમ પુરો થઈ ગયો છે.



આ સાંભળી કલેકટરને કડવો અનુભવ થયો, પણ તેઓ માત્ર અનુભવ કરીને બેસી રહ્યા નહી, તરતજ તેમણે આખી હોસ્પીટલની તપાસ શરૂ કરી દીધી, ઓપીડી, દવાખાનુ, લેબોરેટરી, ઓપરેશન થીયેટર, પીડીયાટ્રીક વિભાગ, ડાયાલીસીસ, મહિલા- પુરુષ વોર્ડ સુધી ફરીને દર્દીઓ સાથે વાત કરી, તેમની હાલાકી સાંભળી અને ભોજનની કવોલીટી પણ સાથે સાથે તપાસ કરી, કલેકટર સાહેબે સુચના આપી કે કેસ બારીમાં કોઈપણ સમયે તાત્કાલીક રજીસ્ટ્રેશન, દર્દીઓની કોઈપણ ફરીયાદનુ ત્વરીત નિવારણ, સારવારમાં કોઈ કચાસ ન રહે તેવી અધિકારીઓ સાથે બેઠક કરી સુચના આપી,

આ ઘટના એક મોટો સંદેશ આપે છે કે અધિકારીઓને પણ વારેવારે સામાન્ય નાગરીકની જીવનશૈલી અનુભવવી જોઈએ, તો જ તંત્ર સાચી રીતે કામ કરશે, કલેકટર ગુણવંત સોલંકીની આ પહેલને લોકો તરફથી ખુબ વધાવી લેવાઈ છે. હવે જોવાનુ એ રહે છે કે આ સરપ્રાઈઝ વીઝીટની અસર કેટલા દિવસ સુધી ચાલે છે અને સીવીલ હોસ્પીટલ ખરેખર દર્દી મૈત્રી પુર્ણ બને છે કે નહી.

# અમદાવાદના ઈન્ડીયા કોલોનીમાં ભાજપના ઉમેદવારોના પ્રચારમાં ફીયાસ્કોઃ સ્થાનિક રહીશોએ કાર્યકરોને ઉભી પુંછડી ભગાડયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ચુંટણીનો માહોલ જામ્યો છે ત્યારે અમદાવાદના ઈન્ડીયા કોલોની વોર્ડ માં સત્તાધારી પક્ષ ભાજપના ઉમેદવારોને પ્રજાના ભારે રોષ નો સામનો કરવો પડયો છે. અનીલ સ્ટાર્ચ મીલ પાસે પ્રચાર અર્થે પહોચેલા ભાજપના ઉમેદવારો અને કાર્યકરોને સ્થાનિક લોકોએ અટકાવીને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. લાંબા સમયથી પડતર પ્રશ્નો અને પ્રાથમિક સુવિધાઓના અભાવે લોકોમાં



સરકાર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે. તો બીજી તરફ સ્થાનિક રહીશોનો રોષ પારખી ગયેલા કાર્યકરોએ ઉભી પુંછડી ભાગવુ પડયુ હતું. મળતી માહિતી અનુસાર ભાજપના ઉમેદવાર ઘનશ્યામ બારોટ અને પંકજ પટેલ જયારે તેમના સમર્થકો સાથે ઈન્ડીયા કોલોની વિસ્તારમાં જનસંપર્ક માટે પહોચ્યા ત્યારે લોકોએ તેમને ઘેરી લીધા હતા. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે ચુંટણી સમયે જ નેતાઓ દેખાય છે. જયારે વિસ્તારમાં રોડ રસ્તા, પાણી અને ગટર જેવી પ્રાથમિક સુવિધાઓના ઠેકાણા નથી. વારંવાર રજુઆતો કરવા છતાં કોઈ કામ ન થતા લોકોનો પારો સાતમા આસમાને પહોચ્યો હતો. સ્થિતિ એટલી તંગ બની હતી કે લોકોએ ઉમેદવારોની હાજરીમાં જ ભાજપ હાય હાય, ના સુત્રોચ્ચાર કરી દીધા હતા. લોકોનો રોષ જોઈને ઉમેદવારો અને કાર્યકરોને રીતસર ભાગવુ પડયુ હતું. ઈન્ડીયા કોલોનીના આ દ્રશ્યો સોશીયલ મીડીયા પર પણ વાયરલ થયા હતા. જે આગામી ચુંટણીમાં પક્ષ માટે ચિંતાનો વિષય બની શકે છે. ઉલ્લેખનીય છે કે જેમ જેમ ચુંટણી નજીક આવી રહી છે તેમ તેમ અનેક વિસ્તારોમાં જનતા નેતાઓ પાસે હિસાબ માંગી રહી છે.

# ધોરણ ૩ થી ધોરણ ૮ નુ પરીણામ રાજય કક્ષાએ તૈયાર થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના શિક્ષણ વિભાગે પરીણામ પત્રકની પધ્ધતિમાં મોટો ફેરફાર કર્યો છે. બાલવાટીકાથી માંડીને ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓને હાલમાં અપાતી માર્કશીટના બદલે હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ અપાશે. ઉપરાંત જે વિદ્યાર્થીઓ ધોરણ ૩ થી ૮ માં અભ્યાસ કરે છે, તેમનુ પરીણામ રાજય કક્ષાએ ઓનલાઈન તૈયાર થશે, જે શાળાઓ ડાઉનલોડ કરીને વિદ્યાર્થીઓને આપશે, ગુજરાત રાજયના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા બાલવાટીકાથી માંડીને ધોરણ ૧ થી ૮ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માર્કશીટ આપવાની પધ્ધતિમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે.



રાજય સરકારના નવા નિયમ મુજબ ધોરણ ૧ થી ૨ અને બાલવાટીકાના વિદ્યાર્થીઓને પરીણામ પત્રકની જગ્યાએ હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ આપવામાં આવશે. આ કાર્ડ માં વિદ્યાર્થીઓના ગુણ જ નહી પણ શૈક્ષણિક પધ્ધતિ, વર્તન, સર્વાંગી વિકાસનો સમાવેશ કરવામાં આવશે, શાળાઓએ વિષયોની પરીક્ષા પત્યા બાદ વિદ્યાર્થીઓના ગુણ ઓનલાઈન અપલોડ કરવા પડશે, ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓનુ રીઝલ્ટ સ્ટેટ લેવલ પર ઓનલાઈન તૈયાર કરવામાં આવશે. જે બાદ રાજય કક્ષાએ તૈયાર કરાયેલા ગુણપત્રકો શાળાઓ ડાઉનલોડ કરીને વિદ્યાર્થીઓને આપશે.

કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ હેઠળની પરખ સંસ્થાએ ૩૬૦ ડીગ્રી મુલ્યાંકન માટે નવુ માળખુ બનાવ્યુ છે. જેના પગલે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે સર્વાંગી ગુણપત્રક તૈયાર કરાયુ છે. આ પત્રકમાં વિદ્યાર્થીઓના ભાવનાત્મક, બોધાત્મક અને માનસિક વિકાસની વિગતોનુસાર માહિતીની નોંધ લેવાશે, મુલ્યાંકનમાં શિક્ષક, વાલી, સહપાઠી તેમજ વિદ્યાર્થી પોતે પણ સામેલ થશે, જેને પગલે વિદ્યાર્થીઓમાં સુધારો અને શકિતઓની જરૂરીયાત સ્પષ્ટ થશે.

# ખેડા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં ભ્રષ્ટાચારનો વિસ્ફોટઃ બદલી રોકવા રૂપીયા ૩૦ થી ૫૦ હજારનો વહિવટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ખેડા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં સીડીએચઓના નામે સેટલમેન્ટની ધમકી આપી લાખો રૂપીયા ઉઘરાવ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. નશાની હાલતમાં નિવેદન આપનાર ડોકટર સામે પણ તપાસના આદેશો આપ્યા છે.

ખેડા જિલ્લા આરોગ્ય વિભાગ અત્યારે ભ્રષ્ટાચારના ગંભીર આરોપોને કારણે વિવાદોના વંટોળમાં ફસાયુ છે. એક પછી એક વાયરલ થઈ રહેલા વિડીયોએ સરકારી તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઉભા કર્યા છે. વિડીયોમાં સ્પષ્ટપણે આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોગ્ય કેન્દ્રોમાં કામ કરતા કર્મચારીઓની બદલી રોકવા રૂપીયા ૩૦ હજાર થી લઈને ૫૦ હજાર સુધીનો ગેરકાયદેસર વહિવટ કરવામાં આવે છે. પાલ્લા આરોગ્ય કેન્દ્રના ડોકટર તેજસ પટેલનો વિડીયો વાયરલ થયા બાદ હવે મહિલા નર્સ ફરહીનબેન મનસુરીનો વિડીયો પણ બહાર આવ્યો છે. ફરહીનબેને આક્ષેપ કર્યો છે કે મે




મારી બદલી રોકવા માટે હિતેષભાઈ નામના વ્યકિતને ૩૦ હજાર રૂપીયા આપ્યા હતા, મને એવી ધમકી આપવામાં આવી હતી કે જો હું સીધી સીડીએચઓ (મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી) પાસે જઈશ તો ૫૦ હજાર આપવા પડશે, પણ અત્યારે સેટલમેન્ટ કરશો તો ૩૦ હજારમાં કામ પતી જશે,

આ સમગ્ર મામલે ખેડા જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ મૌન તોડયુ છે. તેમણે જણાવ્યુ હતુ કે વાયરલ થયેલા બંને વિડીયોની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે. વિડીયોમાં જે પણ વ્યકિતઓના નામ લેવામાં આવ્યા છે તેમના નિવેદનો નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

વધુમાં ડો.તેજશ પટેલ જે હાલતમાં વિડીયોમાં દેખાઈ રહ્યા હતા તે અંગે પણ તપાસ થશે. જો તેઓ નશાની હાલતમાં હશે અથવા કોઈ ગેરરીતીમાં સામેલ જણાશે તો તેમની સામે કડક શિસ્તભંગના પગલા લેવામાં આવશે. હાલ તો આ વાયરલ વિડીયોને કારણે સમગ્ર ખેડા જિલ્લાના રાજકીય અને વહિવટી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

**રીવાબાએ નણંદને પાઠવી શુભેચ્છા : નયનાબા જાડેજાએ આપ્યો જવાબ**

# રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીમાં રાજકીય ગરમાવો : મંત્રી રીવાબા અને તેમના નણંદ નયનાબાએ એકબીજા પર કર્યા જોરદાર પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ ગરમાયો છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં દરેક પક્ષ હાલ પ્રચાર પ્રસારમાં લાગેલો છે. તો બીજી તરફ શિક્ષણ મંત્રી રીવાબા ભાજપના ઉમેદવારોનો સૌરાષ્ટ્રમાં પ્રચાર કરી રહ્યા છે.

તો બીજી તરફ કોંગ્રેસમાંથી રાજકોટ મહાનગરપાલિકામાંથી રવિન્દ્ર જાડેજાના બહેન નયનાબા જાડેજાને ટીકીટ આપવામાં આવી




છે. ત્યારે ફરી એકવાર જાડેજા પરીવારના નણંદ-ભાભી આમને સામને જોવા મળ્યા હતા.

સૌરાષ્ટ્રમાં શિક્ષણ મંત્રી રીવાબા હાલ ભાજપના ઉમેદવારો માટે પ્રચાર પ્રસારમાં જોડાયેલા છે. ત્યારે રાજકોટમાં રાજય કક્ષાના મંત્રી રીવાબા જાડેજાએ કોંગ્રેસમાંથી ચુંટણી લડી રહેલા નણંદ નયનાબા જાડેજાને શુભેચ્છા આપી, રીવાબાએ કહ્યુ હતુ કે ચુંટણી લડનારને હું શુભેચ્છા પાઠવુ છું. જો કે જીત ભાજપની જ થશે, મને પુરો ભરોસો છે, ભાજપના કાર્યકર્તાઓ પર મને પૂર્ણ વિશ્વાસ છે કે ૨૬ તારીખે ભાજપની પેનલના ઉમેદવારોને જંગી બહુમતી સાથે જીતાડશે અને કોંગ્રેસને જડબાતોડ જવાબ આપશે,

રીવાબા ના નિવેદનનો જવાબ નણંદ નયનાબા જાડેજાએ આપ્યો હતો. રાજકોટ શહેર વોર્ડ નં. ૨ ના કોંગ્રેસના ઉમેદવાર નયનાબા જાડેજાએ જણાવ્યુ હતુ કે મને શુભેચ્છા પાઠવનાર મારા શુભેચ્છકો, મારા સમાજના લોકો, મારા વિસ્તારના મતદારો અને માતાજી ભગવતીનો હું આભાર માનુ છું, જીત કોની થશે એ આવનાર સમય બતાવશે, કારણ કે ભાજપના પૂર્વ નગરસેવકોએ કોઈ કામ નથી કર્યા, માત્ર ભ્રષ્ટાચાર કર્યા છે, જનતા પણ હવે આ વાત જાણી ગઈ છે. માટે ભાજપની હાર થશે કે જીત એ આવનાર સમય બતાવશે.

# અમદાવાદના લાંભામાં ભાજપના ઉમેદવારોનો ઉગ્ર વિરોધઃ ધારાસભ્ય અને ઉમેદવારને જીવ લઈ ભાગવુ પડયું

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના લાંભા વિધાનસભા મતવિસ્તારમાં ભાજપના સ્થાનિક ઉમેદવાર ચાંદની પટેલ અને ધારાસભ્ય અમુલ ભટ્ટ ની મોતીપુરા વિસ્તારમાં યોજાયેલી સભા દરમિયાન ભારે હોબાળો થયો હતો.

પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નો પુછતા સ્થાનિક દલીત યુવાન સાથે ભાજપના કાર્યકરોએ મારપીટ કરી હોવાનો આરોપ લાગ્યો હતો, વિરોધ વધતા સ્થાનિકોએ ભાજપ હાય હાય ના નારા લગાવ્યા હતા.

વિરોધ કરતા લોકોની મોટી સંખ્યામાં ભીડ જોઈને ઉમેદવાર ચાંદની પટેલ અને ધારાસભ્ય અમુલ ભટ્ટે સભા સ્થળે થી જીવ લઈને ભાગવુ પડયુ હતું.

